જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૦૮/૨૦૧૯ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૪૨૬/૧૯

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૦ કેસ કરી, ૫૪ વ્યક્તિઓને ઝડપી, ૨૮૯ લીટર દેશી દારૂ અને ૧૮૭ બોટલ ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૩૨ કેસ કરી, ૧૮૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬,૮૬,૯૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૪૨૭/૧૯

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૭૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૧૪૨૮/૧૯

**સોલા હાઇકોર્ટ** : ભરતભાઇ ધીરૂભાઇ પાંડોર (ઉ.વ.૪૦)(રહે.બ્લોક નંબર-૩૧, નર્મદા આવાસ યોજના, સીંધુ ભવન, બોડકદેવ થલતેજ)એ તા.૨૩/૦૮/૧૯ ના રોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે ડિસેમ્બર/૨૦૧૮ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન અમદાવાદ થલતેજ ગ્રામ પંચાયત ચોરા ખાતે આરોપી મુકેશજી કેશાજી ઠાકોર (રહે.મોટો ઠાકોર વાસ જુની પંચાયતની પાસે, થલતેજ ગામ) એ ભરતભાઇ તથા બીજા ૬૦ જેટલા સભ્યોને “થલતેજ ગ્રામ પંચાયત ચોરા માં નોકરી કરૂ છુ, ઔડાના સરકારી મકાનો અપાવીશ” તેમ કહી એક મકાન દીઠ રૂપિયા ૫૦,૦૦૦/- એમ કુલ ૬૦ જેટલા સભ્યોના મકાનોના આશરે રૂપિયા ૩૦,૦૦,૦૦૦/- મેળવી લઇ, મકાન કે આપેલ રૂપિયા પરત નહિ આપી, તમામ સાથે વિશ્વાસઘાત અને છેંતરપિંડી કરી છે. આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.જે.હુણ ચલાવે છે.

**ગુજરાત યુનિવર્સીટી** : ઐશ્ર્વર્યાશેખર ડો/ઓ હુલીવાનાશેખર (ઉ.વ.૨૫)(રહે.હોમ સ્ટે, લલીતા પાર્ક સોસાયટી રોડ, કોમર્સ છ રસ્તા, નવરંગપુરા) એ તા.૨૩/૦૮/૧૯ ના રોજ ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૭/૧૯ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા નવરંગ સર્કલ ગણેશ કોમ્પલેક્ષ ફ્લેટ નંબર-૯૦૬ ખાતે આરોપી પરાગ નરેશચંન્દ્ર દોશી (રહે.તુલસીટાવર સી.એચ.એસ.ટી. પી.એસ. રોડ બોરીવલી વેસ્ટ વિરસાવરકર ગાર્ડન સામે, મુંબઇ) એ ઐશ્વર્યાશેખર ને તેઓની સોસાયટીમાં સિંગલ છોકરીઓને ફ્લેટ ભાડેથી ન અપાતો હોવાનુ જાણવા છતા, ઐશ્વર્યાશેખરને ફ્લેટ ભાડેથી આપી, તેમની પાસેથી રૂપિયા ૮૨,૫૦૦/- મેળવી લઈ, ત્યારબાદ સોસાયટી તરફ થી ઐશ્વર્યાશેખર ને સદર ફ્લેટમાં રહેવાની ના પાડતા તેઓ ફ્લેટમાં રહેવા ગયેલ નહી, જે ચૂકવેલ ભાડાની રકમ પરત માંગતા નહી આપી ઐશ્વર્યાશેખર સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે.આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.બી.કાળે ચલાવે છે.

**જી.આઇ.ડી.સી.વટવા** : સુરજીતસીંગ મદનમોહનસિંગ (ઉ.વ.૩૬)(રહે. શ્રી ક્રિશ્ના એપાર્ટમેંટ જીજીસ બંગ્લોઝ રોડ બોડકદેવ) એ તા.૨૩/૦૮/૧૯ ના રોજ જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે પંજાબ નેશનલ બેંક જીઆઇડીસી વટવા બ્રાન્ચ ખાતે આરોપી (૧)કમલેશકુમાર કિશોરકુમાર વીજરીયા (૨)ધર્મેશ કિશોરકુમાર વિજરીયા (બંને રહે. પ્રથમ માળ, ઓઝોન સીટી આઇ.ટી.આઇ રોડ કુબેરનગર સરદારનગર) અને (૩) દિપક ઉર્ફે દીપુ ટાંકી નાનકરામ આહુજા તથા અન્ય મળતીયા માણસોએ ભેગામળી પોતાના ધંધાના વિકાસ માટે બેંકમાંથી લોન લેવા માટે તારણમાં મુકેલ પ્લોટો જે સરકારના હોવાનુ જાણતા હોવા છતાં ખોટા અને બનાવટી દસ્તાવેજો બનાવી તેનો ખરા તરીકે ઉપયોગ કરી સરકારી રેકર્ડ ઉપર પોતાના નામ ચઢાવી વ્યાજ સહીત તા.૩૧/૦૧/૨૦૧૭ સુધીની બાકી નીકળતી લોન ના કુલ રૂપિયા ૧,૦૨,૬૫,૦૧૭/- ભરપાઇ નહી કરી બેંક સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ અંગેની તપાસ પો.ઇ.શ્રી ડી.આર.ગોહિલ ચલાવે છે.

**રોકડ ભરેલ બેગ ઝુંટવી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૧૪૨૯/૧૯**

**એરપોર્ટ** : સચુભાઇ શંકરલાલ જ્ઞાનચંદાણી (ઉ.વ.૩૨)(રહે.જુના "જી" વોર્ડ કુબેરનગર ગણેશ ફ્લેટના સામે) એ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૦૮/૧૯ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે નોબલ ટર્નીંગ થી આગળ સાંઈબાબા મંદીર પાસે રોડ ઉપર થી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ સચુભાઇના ખભે ભરાવેલ બેગ કે જેમાં મોબાઇલ ફોન, ડ્રાઈવીંગ લાયસન્સ, એ.ટી.એમ કાર્ડ અને રોકડ રૂપીયા ૧,૨૦,૦૦૦/- મુકેલ હતા તે બેગ ઝુંટવી લઇ નાસી ગયા હતા. આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.બી.પ્રજાપતિ ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૧૪૩૦/૧૯**

**કાગડાપીઠ** : કમળાબહેન વા/ઓ મનોજભાઈ મકવાણા (ઉ.વ.૫૩)(રહે.સરગમ ફ્લેટ, ઔદિચ્યનગર સોસાયટી, જુની પાયલોટ ડેરી પાસે, કાંકરીયા) એ તા.૨૩/૦૮/૧૯ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૦૮/૧૯ રાતના ૮/૦૦ થી ૮/૪૫ વાગ્યા દરમ્યાન કાંકરીયા, કમલેશ સોસાયટીનાં ગેટ નંબર-૩ પાસે આવેલ 'લાડલી લેડીઝ ટેલર્સ' નામની દુકાનનાં પગથિયા પરથી કોઈ અજાણી વ્યક્તિ કમળાબહેનની નજર ચુકવી તેમનું પર્સ કે જેમાં રોકડ રૂપિયા ૭,૦૦૦/- તથા સોનાની ચેઇન કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- મુકેલ હતી તે પર્સ ની ચોરી કરી લઈ ગઇ છે. આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એ.જાડેજા ચલાવે છે.

**એલીસબ્રીજ** : શ્રેણીકભાઇ રમેશભાઇ શાહ (ઉ.વ.૩૫)(રહે.રતળાવ, જીવરાજ પાર્ક, વેજલપુર)એ તા.૨૩/૦૮/૧૯ ના રોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૦૮/૨૦૧૯ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે આંબાવાડી "રવી જ્વેલર્સ" ખાતે દુકાનમાં ગ્રાહક બનીને આવેલ એક અજાણી સ્ત્રી અને પુરુષ (૨૫ થી ૩૦ વર્ષના આશરાના) એ ભેગામળી શ્રેણીકભાઇની દુકાનના કર્મચારીની નજર ચુકવી વીંટીની ટ્રે માંથી સોનાની વીંટી કિંમત રૂપિયા ૨૫,૦૦૦/- ચોરી કરી લઇ ગયા હતા. આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.બી.વિહોલ ચલાવે છે.

**પતરા ઉપરથી પડી જતાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૧૪૩૧/૧૯**

**દાણીલીમડા** : અઝદર ગનીભાઇ બંગલાવાળા (ઉ.વ.૩૨)(રહે.દસ્તાનગલી નાડીયાવાડ જમાલપુર) તા.૨૩/૦૮/૧૯ ના કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે હોકાબાજ એસ્ટેટ બેરલ માર્કેટ ખાતે આવેલ "કિરાણા" નામના ગોડાઉનના શેડ ઉપરથી નીચે ઉતરવા જતા, છતનું પતરૂ અચાનક તુટી જતા નીચે પટકાતા માથાના ભાગે ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે લાવતા ફરજ પર ના ડૉ.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.કે.ચૌહાણ ચલાવે છે.

**દાઝી જતાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૧૪૩૨/૧૯**

**જી.આઇ.ડી.સી.વટવા** : દીપક અમરસિંહ સોલંકી (ઉ.વ.૨૪)(રહે. મચ્છુનગર રામોલ ચાર રસ્તા પાસે) તા.૩૧/૦૭/૧૯ ના રોજ જીઆઇડીસી ફેઝ-૨ પ્લોટ નંબર-૮૧/૮૨ મેઘમણી પીગમેંટ કંપની ખાતે સવારના ૯/૦૦ વાગ્યાના સુમારે કંપનીમા કામ કરતી વખતે એક વેસલ સાફ કરતા હતા દરમ્યાન વેસલમાં ભરેલ ગરમ પાણી બહાર કાઢતી વખતે મશીનની પાઇપ દ્વારા ગરમ પાણી અચાનક ઉછળી દીપકના શરીર ઉપર પડતા શરીરે ગંભીર રીતે દાઝી જતા, સારવાર માટે તેમને જીવરાજ મહેતા હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૩/૦૮/૧૯ ના કલાક ૮/૦૫ વાગે ફરજ પર ના ડૉ.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે જી.આઇ.ડી.સી. વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.સી.જાડેજા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૪૩૩/૧૯**

**સરદારનગર** : શિવાનીબહેન વા/ઓ પ્રભુભાઇ સોલંકી (ઉ.વ.૩૦)(રહે.નહેરુનગરના કાચા છાપરા કુબેરનગર સરદારનગર) એ કોઇ અગમ્ય કારણસર તા.૨૨/૦૮/૨૦૧૯ રાતના ૧૧/૩૦ થી તા.૨૩/૦૮/૨૦૧૯ ના કલાક ૩/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી છે.આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એલ.એસ.દેસાઇ ચલાવે છે.

**ખોખરા** : પરશુરામ ગોપાલભાઇ ઠાકોર (ઉ.વ.૩૫)(રહે.કંઠેશ્વર મહાદેવની ચાલી હરિપુરા ખોખરા) એ કોઇ અગમ્ય કારણસર તા.૨૩/૦૮/૨૦૧૯ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે રૂમમાં ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી છે. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.મકવાણા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.